# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




વાંક વિના દુભવ્યા કેશુભાઇને, યાદ કરો!
રાજયસભા ગરજે પંપાળ્યા આને, યાદ કરો!
યાદ કરો બાજપાઇ, નંબર બે તો બનાવ્યા?!
પડ્યા'રો બાણ શૈય્યા પર નાનીને યાદ કરો!!




રહી કેન્દ્રમાં -
તાકશે તીર હવે
કેન્દ્રની સામે..

ગુજરાતનું
હવે ન રણી-ધણી
મૂકશે રેઢું!!

## ચિંતન

**દેમમાર્તસ્ય શયનં સ્પિતશ્રાન્તસ્યચાસનમ્ ।**
**તૃષિતસ્ય ચ પાનીયં ક્ષુદ્ધિતસ્ય ચ ભોજનમ્ ॥**

'સંસારીજન્મ-ગૃહસ્થાશ્રમમાં રહેનાર ગૃહસ્થે પીડિત-દુખી મનુષ્યને આશ્રય-શયન આપવો જોઇએ, થાકેલા-શ્રમિકને બેસવા માટે આસન આપવું જોઇએ અને તરસ્યાં ને પાણી આપવું જોઇએ - તથા ભૂખ્યાંને ભોજન આપવું જોઇએ - આ જ ગૃહસ્થનો સાચો ધર્મ છે.

દીન-દુખી-હતાશ-માણસ જે જિંદગીથી હારી ગયો હોય દુખ્યો-ભૂખ્યો અને નિરાશ્રય-નિરાધાર હોય એનો આધાર બની આશરો આપવો, ભૂખ્યાંને ટૂકડો આપવાથી પરમેશ્વર ઢૂકડો રહે છે. તરસ્યાં અબોલ પ્રાણીઓને માટે પાણીની વ્યવસ્થા કરવી ગરીબો માટે ભોજનાલયની વ્યવસ્થા - દીનજનોની સેવા એ જ 'ધર્મ' છે. દરિદ્રનારાયણમાં જ સાચો નારાયણ છૂપાયો છે.

માણસ યાત્રાધામો-મંદિરોમાં ભગવાનને શોધવા ભટકે છે પણ પોતાની આસપાસ દીનદુઃખીયાંના ખોડીયામાં ભટકતો ભૂખ્યો ભગવાન દેખાતો નથી.

ગૃહસ્થનો સાચો ધર્મ જ સેવા-પરાયણ થવામાં જ છે.

## સુવિચાર

- સાચા મિત્રોની પસંદગી પછી સર્વપ્રથમ મુખ્ય આવશ્યકતા છે : ઉત્તમ પુસ્તકોની પસંદગી **- કોલ્ટન**
- જે પુસ્તક આપણને અધિક વિચારવા પ્રેરે છે, તે જ આપણો સર્વથી મોટો સહાયક છે **- ઓડોર પાર્કર**
- મેં પ્રત્યેક સ્થળે વિશ્રામ શોધ્યો પરંતુ તે એકાંત ખૂણામાં બેસીને વાંચવા સિવાય બીજે કયાંક પ્રાપ્ત થયો નહિં **- થોમસ. એ. કેમ્પિસ**
- કેટલાંક પુસ્તકો માત્ર ચાખવાનાં હોય છે, કેટલાંક ગળવાને યોગ્ય હોય છે અને કેટલાંક જ એવા હોય છે જેને ચાવીને પચાવી શકાય **- બેકન**
- જૂનાં કપડાં પહેરો અને નવાં પુસ્તકો ખરીદો **- થોરો**
- પુસ્તકપ્રેમી સર્વથી અધિક ધનવાન અને સુખી છે **- બનારસીદાસ ચતુર્વેદી**
- પુસ્તક વગરનું ઘર બારી વગરનાં ખંડ જેવું છે **- હશ્રા નૂર**

## બોધ કથા

રામકૃષ્ણ 'પરમહંસ' હતા. એમને જુદા જુદા ધર્મોનાં સિદ્ધાંતો પર ચાલી દરેક ધર્મના ઇષ્ટ સાથે સાક્ષાત્કાર થયા હતા. છતાં પણ નિયમિત ધ્યાન-ભજનનો આગ્રહ રાખતા હતા. એક શિષ્ય એ આનું કારણ પૂછ્યું - તમે તો સાક્ષાત્કાર પામી ચૂક્યા છો છતાં ધ્યાન-ભજનનો આગ્રહ શા માટે રાખો છો? રામકૃષ્ણએ એ સ્મિત સાથે જવાબ આપ્યો - આવો જ પ્રશ્ન મેં તોતાપુરીજીને પૂછ્યો હતો - એ રમતા રામ હતા અને સિદ્ધ તપસ્વી હતા. તેની મૂડીમાં એક ત્રાંબાનો લોટો, આસન અને ચીપીયો જ હતાં - પણ ત્રાંબાનો લોટો ખૂબ ઘસીને ચળકતો જ રાખતા.

બ્રહ્મજ્ઞાની તોતાપુરીજીએ ત્યારે મને જવાબ આપ્યો - જૂઓ! મારી પાસે આ ત્રાંબાનો લોટો છે એને દરરોજ જ ખૂબ ઘસીને માંજવો પડે છે જો એક દિવસ ન માંજુ તો કાળો પડી જાય! એમ સાક્ષાત્કાર પછી પણ ધ્યાન-ભજન-પ્રાર્થના એ આત્માનું મંજન છે જો ન માંજો તો આત્મા પર પણ આળશની કાળાશ ચઢી જાય! એટલે આત્માની સતત જાગૃતિ માટે ધ્યાન - ભજન જરૂરી છે.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# કાગળનો કકળાટ...!! વૃક્ષો કાપી બનાવી કાગળ એના પર જ છપાય 'વૃક્ષો બચાવો'..!!

## લીલા કાગળ ઉપર કરવતનાં ઘાવ લખવાનાં, વૃક્ષો બચાવો પ્રચારનાં બનાવટી દાવ લખવાનાં

### Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

'મેરા જીવન કોરા કાગળ' ગીત સાંભળીને એટલે એટલું તો જરૂર થાય કે જો આ કાગળની શોધ જ ના થઈ હોત તો કેટલી બધી વસ્તુઓ રેકોર્ડ જ ના થયો હોત... માનવીના વિકાસના અનેક તબક્કાઓ આવ્યાં અને જેનાં કારણે માનવ જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું અને જિંદગી અધિક જીવવાં જેવી થઈ, એ પૈકી આગ અને ચક્ર આ બેની શોધ બાદ સ્વાદ અને ઝડપ જીવનમાં આવ્યાં... ભાષાનો શોધ પણ આ બંને બાદ મહત્ત્વનો સાબિત થયો, ભાષાના કારણે જ માનવી એકબીજા સાથે સંવાદ કરી શકે છે. સંવાદ થતાં જ માહિતીનું સંકલન, સંગ્રહણ અને આવનારી પેઢી માટે હસ્તાંતરણ એક આવશ્યકતા બની ગઈ અને એમાંથી જ જન્મ થયો માહિતી ભેગી કરી સાચવી શકાય એવાં વિવિધ સાધનોનો...

આદમકાળમાં વપરાતી ઝાડની છાલ તે પથ્થરો કે આજનાં મોર્ડન યુગમાં વપરાતાં મોટા મોટા ડેટા સેન્ટર્સ, માહિતીની સાચવણી એ મહત્ત્વની ગરજ બની ગઈ છે... દરરોજ વપરાતો કાગળ એ લખાણ, સંદેશા વ્યવહાર અને માહિતનાં સંચય માટેનું ક્રાંતિકારી પગલું લેખાય છે. કાગળનો સૌ પ્રથમ શોધ ચીનાઓને જાય છે. એમ જ કાગળનો પ્રથમ ટૉયલેટ પેપર તરીકે વપરાશ કરવાનો શ્રેય એમને જ જાય છે...

સાધારણ પણે ૧૨માં શતકમાં યુરોપ પહોંચેલા કાગળ ચીનાઓએ માત્ર ઈસવીસનનાં એક વર્ષ પૂર્વે શોધ કર્યો અને માત્ર નિરીક્ષણને કારણે... ચીની મંત્રી ત્સ્યાય લુન ધોબીઘાટ પર ઉભા હતા. ધોબી એનું રોજનું કપડાં ધોવાનું કામ કરતો હતો. કપડાં ધોયેલું પાણી એકબાજુમાં ખાબોચીયામાં ભેગું થતું હતું. થોડીવારમાં ધોબીએ ધોકાથી કપડાંને ધોવાનું ચાલું કર્યું અને એ સાથે એમાંથી તૂટીને તાંતણાઓ એ પાણી સાથે વહીને પેલાં ખાબોચીયાંમાં ભેગા થવાં લાગ્યાં... આ બધી વાતનું પેલાં ત્સ્યાય લુન બારીકાઈથી નિરીક્ષણ કરતાં હતા. સચવાયેલાં પેલાં તાંતણાનો ગારો એમને હળવેકથી ઉપાડી તડકે સુકવવા મુકયો, સુકાયા બાદ એનો સળંગ પોચો ટુકડો બન્યો. એ જોતા જ એનાં મનમાં આ ટૂંકડાનો વપરાશ લખવાનાં કામમાં આવશે એવી કલ્પનાં આવી અને કાગળની શોધ થઈ... ચ્હા, રેશન જેવી મહત્ત્વની શોધ પણ ચીનાઓએ જ કરી છે...



છાપા, પુસ્તકો અને રમકડાંથી માંડીને ચલણી નોટો બનાવવા માટે કાગળનો ઉપયોગ થાય છે. કાગળની શોધ થઈ ના હોત તો વિશ્વનો વિકાસ અધુરી રહી જાત... દૈનિક પેપર અને ઑફિસ, સ્કૂલ, કૉલેજની સવાર કાગળ વગર ઉઘજવી શક્ય જ નથી. 'પેપર' શબ્દ 'પીપરીસ' ગ્રીક શબ્દ પરથી આવ્યો છે... ટેકનોલોજીનાં ધમાકેદાર જમાનામાંય પેપરલેસ વર્ક કરવું અઘરૂં પડે છે. નોટબુક, રિપોર્ટ કાર્ડ, ગ્રીટીંગ કાર્ડ, મેનુ કાર્ડ, પેપર-બેગ્સ, મેડિકલ ચાર્ટ, કવર, ગિફ્ટપેક પેપર, ન્યુઝ પેપર, મેગેઝીન, ઓફિસ ફાઈલ, કેટલોગ, વૉલપેપર, ફોટોગ્રાફસ, સ્ટીકર, ટેલિફોન ડિરેકટરી, કરિયાણા બેગ્સ, પતંગ, ટીશ્યું પેપર, બેન્ક પાસબુક, ઈલેકટ્રીક ગેસ - પામી - બીલ, ટપાલ ટિકીટ, ચેકબુક, પેપર નેપ્કીન, પેપર ડીશ... લીસ્ટ તમારી યાદશક્તિ મુજબ લંબાવી શકાય...

કાગળ વૃક્ષમાંથી બને છે, એટલે એનો મતલબ જ એવો છે કે જો આપણે વૃક્ષ વાવી, ઉછેરી કે બચાવી ના શકતા હોઈએ તો કાગળના ઓછા વપરાશથી પણ વૃક્ષ બચાવવામાં આડકતરી રીતે મદદરૂપ થઈ જ શકીએ...

કાગળની સૌથી સારી વાત એ છે એને રીસાઈકલ કરી શકાય છે અને એ પર્યાવરણને હાનિરૂપ નથી. કુલ ઔદ્યોગિક વપરાશ માટે વૈશ્વિક લાકડાનાં ૪૨% તો પેપર નિર્માણમાં ખપી જાય છે અને જે પ્રમાણે કાગળનો વપરાશ અને વેસ્ટેજ થાય છે એ જોતાં એ આગામી પચાસ વર્ષમાં ૫૦% સુધી પહોંચશે એવો ભવ સેવાય છે... કાગળનો બચાવ એટલે વૃક્ષનો બચાવ એમ કહેવામાં કાંઈ ખોટું નથી... આપણા દૈનિક જીવનમાં કાગળનો બગાડ થતો કઈ રીતે અટકાવી શકાય એટલી સભાનતા કેળવી લઈએ તોય સેતુબંધ બાંધવામાં ખીસકોલીનાં રજકણ જેટલાં સહભાગી બન્યાનું પૂણ્ય કમાવી શકાય...

કોમ્પ્યુટર પ્રિન્ટીંગનાં નાના ફોટ અને ડબલ સાઈડ પ્રીન્ટ કાઢી, એ.ટી.એમ. સ્લીપ અવોઈડ કરી, કંપનીઓનાં એન્યુઅલ રિપોર્ટ પી.ડી.એફ.માં ઈમેઈલ કરી, આમંત્રણ પત્રિકાના કાર્ડની જગ્યાએ એસ.એમ.એસ. કે ફોન કરીને કે ઈમેઈલ દ્વારા રોજબરોજનાં કેટલાંય વ્યવહારનાં કાગળ બચાવી શકાય છે. દિવાળી, દશેરા, સંક્રાત, વેલેન્ટાઈન કાર્ડની જગ્યાએ અન્ય સેવાઓ લઈને, ચા-કોફી માટે પેપર કપની જગ્યાએ કાચના મગનો ઉપયોગ કે માટીની કુલડી પર વાપરી શકાય.

નાના બાળકો વધુ કાગળ બગાડે છે એમને વાઈટ કે બ્લેક બોર્ડ અપાવી લેખનકાર્ય શીખવી શકાય. ઈમેઈલનાં પ્રિન્ટઆઉટમાં મોટા ભાગે કારણ વગરની વિગતો, જાહેરાતો ફોટાથી કાગળો વ્યર્થ છપાય છે. એથી વિગતને સિલેક્ટ કરી એટલી જ પ્રિન્ટ લેતાં કાગળ બચે છે. રેલ્વે રિઝર્વેશનથી દરરોજનાં બે લાખ કાગળની પ્રિન્ટ નીકળે છે એને બદલે ઈમેઈલ કે એસ.એમ.એસ. પણ ટ્રેનમાં અલાઉ છ, એટલે એની પ્રિન્ટ કાઢવાની જરૂર જ નથી. રફ પેપર કે જાહેરાતોનાં પાછળની બાજુએ રફ કામ કરવા નાની નાની નોટબુક બનાવી શકાય... પી.એચ.ડી.ના થીસીસ કે કૉલેજોનાં સબમીશનમાં કરોડો કાગળ પસ્તીનાં ટોપલામાં જાય છે એને પણ બચાવી શકાય...

ઘરે એકાદ અખબાર મગાવી બાકીના ઈન્ટરનેટ પર વાંચવાથી પૈસા અને પેપર બંનેની બચત થઈ શકે. પેપર નેપ્કીનની જગ્યાએ કાપડનો નેપ્કીન અને ટીસ્યુની જગ્યાએ પાણી વાપરી શકાય. શાકમાર્કેટ - કરિયાણા માટે કાગળ કે પ્લાસ્ટીકનાં ઝભલાની જગ્યાએ કાપડની થેલી વધુ મજબૂત અને ફાયદાકારક ઠરે છે. બેન્કીંગ, ટેલિફોન, ગેસ, પાણી, ગટર, મોબાઈલ ફોનનાં બિલનાં મંગાવતી ઑનલાઈન ભરવાની લાઈનમાં ઉભા રહેવાની માથાકુટમાંથી બચી પેપર બચાવી શકાય... મકાનનાં દસ્તાવેજ કે વારસાઈ બીલ, રેશનકાર્ડ, આધારકાર્ડ જેવાં મહત્ત્વનાં દસ્તાવેજો સિવાય કાગળનો વપરાશ જેટલો ટાળી શકાય એટલું સારૂં... નોકરી માટેની ભરતીમાં પ્રમાણપત્રોની ઝેરોક્ષ લગાડવામાં પણ કેટલાંય કાગળો વેસ્ટ થાય છે, ઑનલાઈન એપ્લીકેશનથી આવો બગાડ અટકાવી શકાય...

ઉત્તરાણનાં પતંગ અને દિવાળીનાં ફટાકડાંમાં પણ ટનના પ્રમાણમાં કાગળો બગાડ થાય છે. કાગળની રેકોર્ડ ફાઈલ પણ ત્રણ ચાર વર્ષે ડિસ્ટ્રોય કરી રિસાયકલ કરાય તો એટલાં વૃક્ષોને ઓછા ઘા સહન કરવાનાં આવે. ચૂંટણી પ્રચાર દરમિયાન ફેંકાતા ચોપાનીયાં અને જાહેરાતોનાં પેમ્ફલેટ કે જાહેરાતોનાં અખબારોની રસ્તા પર થતી ઉડાઉડ ભલભલાને વ્યથિત કરી જતી હોય છે. વિશ્વ પર્યાવરણ દિવસે વિવિધ ચિંતા જગાવતી વાતોમાં કાગળ બચાવોનો મુદ્દો અછડતો રહી ગયો છે. અને વૃક્ષો પર કાગળ મેન્યુફેકચરીંગ માટે કરવતનાં ધડાધડ ઘા પડી રહ્યાં છે, અને એટલે જ કદાચ કાગળ કકળાટ કરતાં રહે છે,' 'તમે વૃક્ષો કાપીને એમાંથી કાગળ બનાવીને એના પર જ પાછાં છાપો છો કે 'વૃક્ષો બચાવો,' પ્લીઝ બનાવટી પ્રચાર છોડો અને કાગળ બચાવીને વૃક્ષોનાં વિનાશને અટકાવવામાં યોગદાન આપો...

**ચૂંટલો :**

પેપરલેસ વર્ક કરી કાગળ બચાવીને વૃક્ષ પર પડતાં કુહાડીનાં ઘાને અટકાવી શકાય એટલું જો સ્વીકારીને સૌને પેપરનો બગાડ કરતાં અટકાવીએ તો 'વૃક્ષારોપણ'નો કાર્યક્રમ નહીં કરો તોય ચાલશે. કાગળનો કચ્ચરઘાણ એટલે વૃક્ષોનું નિકંદન... સેવ પેપર સેવ ટ્રી...

# નાની અમથી જિંદગી મેળવનાર ઝેક સાબિત કરતો ગયો કે દિલ ખોલીને પ્રેમ કરવા માટે જિંદગી કેટલી લાંબી છે તે સહેજ પણ અગત્યનું નથી

### પારિજાત

- રેખા ભટ્ટ

**• "Clouds" •**

And we'll go up, up up.
But I'will fly a little higher
We'll go up in the clound because the view is a little nicer.
Up here my dear
It won't be long now,
It won't be long now
If only I had a little bit more time.
If only I had a little bit more time with you.
We could go up, up.
And take that little ride.
And sit there holding hands.
And everything would be just right.
And maybe someday I'will see you again
We will float up in the clouds and we'll naver see the and...

એક ટીનએજર પાસેથી દુનિયાને શું અપેક્ષા હોય? તેના મમ્મી-પપ્પાની શું આશા હોય? કે તેની ગર્લફ્રેન્ડ હોય તે શું ઝંખે?

અને એવો ટીનેજર કે જેની જિંદગી ઉપર મોતનો પડછાયો ઘેરાયેલો હોય.

હા, ઝેક સોબિએક - ૧૮મા વર્ષે એ ગુજરી ગયો. અમેરિકાના મિનેસોટામાં રહેતા ઝેક



સોબિએક ને તે ૧૪ વર્ષનો હતો ત્યારે "ઓસ્ટિઓ સર્કોમા" - બાળકોને થતાં હાડકાંના કેન્સરનું નિદાન થયું. ગયા વર્ષે ૨૦૧૨માં ડોકટરોએ એનાં કુટુંબીજનોને કહી દીધું કે ઝેક પાસે એક વર્ષ કરતાં પણ ઓછો સમય છે. અને ઝેક તેનો જન્મદિવસ મનાવ્યો ૩, મે, ૨૦૧૩ નાં રોજ અને ૨૦, મે, ૨૦૧૩ના રોજ એનું અવસાન થયું.

પણ આટલી નાની અમથી જિંદગી મેળવનાર ઝેક સાબિત કરતો ગયો કે દિલ ખોલીને પ્રેમ કરવા માટે જિંદગી કેટલી લાંબી છે તે સહેજ પણ અગત્યનું નથી.



એણે વિચાર્યું કે મારા ગયા પછી મને અને મારાં ગીતોને બધાં યાદ રાખે અને મારાં ગીતો દ્વારા મારા મિત્રો અને કુટુંબીજનોનાં હૃદયમાં કાયમ માટે મને સ્થાન મળે એટલે -

એણે પોતાનાં ગીતો clouds ગાયાં - કંમ્પોઝ કર્યા અને વિડિયો બનાવી ઇન્ટરનેટ ઉપર અપલોડ કર્યો. જેમણે છર્ક્ક્ઝ સાંભળ્યા તેમણે ખૂબ ગમ્યાં અને ખાસ કરીને ગીતમાં રહેલાં શબ્દો ખૂબ સ્પર્શી ગયાં.

YouTube એ પણ ઝેકને શ્રધ્ધાંજલિ રૂપે આ clips મુકી અને આજ સુધીમાં લાખો લોકોનાં હૃદયમં સ્થાન મેળવ્યું છે એ. "clouds" ના ચાર્ટમાં સૌથી વધારે પ્રસિદ્ધિ મેળવી ટોચનાં સ્થાન પર છે.

ઝેકના મૃત્યુ પહેલાં ઝેકની ગર્લફ્રેન્ડ એમિ એડામેનો ઇન્ટરવ્યુ લેવામાં આવ્યો. એમાં એણે કહ્યું કે - વાતો કરતાં કરતાં અમે બંને પહેલાં તો રડી પડતાં પણ પછી લગ્નમાં - બાળકોનાં - નોકરીનાં સ્વપ્નો જોતાં અને એની વાતો કરતાં રહેતાં. પછી પોતાના મિત્રો/સ્વજનોને આખરી વિદાય આપવા ઝેકે clouds લખ્યાં અને પર્ફોર્મ કર્યા. ૨૦૧૨માં એને ઇન્ટરનેટ પર મૂક્યાં.

ઝેકના શબ્દોમાં કહીએ તો,

"My closure is being able to get my feelings into these Songs so that my friend and family could have Something to remember me by or lern on when I was gone."

# આજકાલ ચહેરાની સુંદરતા કોણ જુએ છે? રંગરૂપ તો થોડા સમય માટે હોય છે, ફક્ત પૈસો જ કામ આવે છે, પૈસાવાળો પ્રેમ જ આજકાલ ચાલે છે, તમારા જમાનાનો લાગણીવાળો પ્રેમ નહીં

### નવાં ક્લેવર

- નટવર હેડાઉ

ઘરમાં મોટી હોવાના કારણે મારા લગ્નની વાતો બહુ વહેલી શરૂ થઇ ગઇ હતી. ત્યારે મેં કોલેજના આર્ટ્સના પ્રથમ વર્ષમાં એડમિશન લઇ લીધું હતું. સોળમી વસંત પસાર કરતાં આંખોમાં રંગીન સપનાઓ જોવાનું શરૂ થઇ ગયું હતું. એક સુંદર રાજકુમાર સફેદ ઘોડા પર સવાર થઇને આવશે અને મને લઇ જશે. ઘણાં છોકરાઓ મને જોવા આવતાં અને હું તેમને રીજેક્ટ કરી દેતી. કેમ કે એ બધા મારા સપનાના રાજકુમારની સાથે મેળ ખાતા ન હતા. ભણેલા - ગણેલા ત્યાં સુધી કે આઇ.એ.એસ.માં પણ મને કોઇ સુંદરતા દેખાતી નહોતી. પપ્પા રોજ ધમકાવતા. એ સંભળાવતા પણ ખરાં 'તું કયારેક કલાસમાં પહેલે નંબરે આવી છો, બસ કપડાં, ફેશન એ બધા પાછલ જ તારૂં ધ્યાન હોય છે. તારી મમ્મીએ જ તને બગાડી છે. જો આ ગામડાનો છોકરો છે. તેણે અત્યારે ભણવા - ગણવામાં જ ધ્યાન આપેલું છે. ભવિષ્યમાં સુધરી જશે.'

ભવિષ્ય કોણે જોયું છે? મારે તો અત્યારે જ આધુનિક રહેણીકરણી વાળો યુવરાજ જોઇએ.

એકવાર અમારે કોઇ કામને કારણે દૂરના એક સગાંને ઘેર રોકાવાનું થયું. તેમનાં એક છોકરા સાથે મારી ઓળખાણ કરાવવામાં આવી. તે છોકરો એમ.કોમ.નાં પહેલાં વર્ષમાં ભણતો હતો. મને એ પહેલી નજરે જ ગમી ગયો હતો. પપ્પાએ તેનું સ્તર અને સંયુક્ત કુટુંબ ગમ્યું નહીં. તેમણે એની સાથેનાં સંબંધમાં કોઇ રૂચી દેખાડી નહીં ને બીજા કાર્ટૂન જેવા છોકરાઓ જોવા લાગ્યા. કોલેજના છેલ્લા વર્ષના અભ્યાસમાં હું ધ્યાન પરોવીને લાગી ગઇ હતી. હવે તો મમ્મી-પપ્પાને ચિંતા થાય એ સ્વાભાવિક હતું. એ જ કારણે બંને શહેરની બહાર ગયાં હતા. જતી વખતે મમ્મીએ સમજાવેલું કે બહાર તાળું મારી રાખજે. જેથી તને અભ્યાસમાં કોઇ ખલેલ પહોંચાડે નહીં. હું વાંચવા બેઠી ત્યાં ડોર બેલ વાગી. કોણ હશે? મેં બારીમાંથી ડોકીયું કરીને જોયું તો ધબકારો ચૂકી ગયું. આ તો એ જ છે. મારો પહેલો પ્રેમ. મેં ઝટપટ જઇ તાળું ખોલ્યું અને તેને ડ્રોઇંગરૂમમાં બેસાડયો. બીજા રૂમમાં જરા જઇ શ્વાસ હેઠો બેઠો. એટલે પાણીનો ગ્લાસ લઇ સામે આવી ઊભી રહી. ફરી પાછી રસોડા તરફ ભાગી. જોયું તો બિસ્કીટ સિવાય કંઇ હતું નથી. શરબત સાથે બિસ્કીટ મુકીને હું તેની સામે બેસી ગઇ. તું કેમ આમ વ્યાકુળ થઇ ગઇ. હું અહીં એક લગ્નમાં આવેલો. મને થયું કે તને મળતો જાઉં. મમ્મી-પપ્પા કયાં છે? ઘરમાં નથી? તેણે મધુર શબ્દોમાં કહ્યું. હું કંઇ કહી શકતી ન હતી. તે મને જો તો રહ્યો પછી બોલ્યો. 'સારૂં તો હું જાઉં?' હું ત્યાં કોઇને કહીને આવ્યો નથી. હું તેને બહાર સુધી મુકવા આવી. દાદીમાંએ પૂછ્યું. 'કોણ આવ્યુ તું?' મેં કહ્યું, ? 'પપ્પાને મળવા આવેલો.' દાદીમા મારી વાતથી સંતોષ પામી સુઇ ગયાં.

સાંજ સુધીમાં મમ્મી-પપ્પા આવી ગયાં. મેં તેની બાબતમાં મમ્મીને વાત કરી.

'સાંભળો છો, છોકરે છેક ઘર સુધી આવેલો. ને આપણે છોકરાઓ શોધીએ છીએ.'

પપ્પા એ મને બોલાવી. 'તને છોકરો કેવો લાગ્યો?'

'હાં, સારો છે. તેની સાથે હું ઝૂંપડામાં પણ રહીશ. ચટણી ને રોટલો મળશે તે ખાઇ લઇશ.' કોણ જાણે કયાં પ્રવાહમાં તણાઇને મેં જવાબ દીધેલો. રીઝલ્ટ આવતાં જ મારા લગ્નની તૈયારીઓ શરૂ થઇ ગઇ. મમ્મીએ પપ્પાને સમજાવ્યું કે તેના નશીબમાં જે હશે તે ખરૂં તમે ચિંતા ન કરો બધું ભગવાન પર છોડી દો. હવે પપ્પા પણ એ વાતે સંમત થઇ ગયા હતા.

લગ્નનાં રંગીન સપનાં હકીકતના વાઘા સજી ને સામે હતા. સપનાં અને હકીકત બંનેનો સામનો કરવાનું બહું મુશ્કેલ હોય છે. જૂની પરંપરાઓ અને કુટુંબનાં નિયમોના બંધનો ઘૂંઘટમાં સમજાવીને નવી વહુ રૂપે નવા પડકારો સામે હતા. તેના શાંત અને સૌમ્ય સ્વભાવને કારણે મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી બહાર નીકળવાનો આત્મવિશ્વાસ મારામાં જાગી ગયો હતો. હવે તેનો ધંધો પણ સારો ચાલવા લાગ્યો. ઘરનું સ્તર સુધરવા લાગ્યું. ધીરે ધીરે બીજી વહુઓ આવતાં રીતરિવાજમાં પણ પરિવર્તન આવવા લાગ્યું. મેં અને મારા પતિએ લગ્નજીવનમાં પચ્ચીસમી વર્ષગાંઠ ખુબ જ ધામધૂમથી મનાવી. કુટુંબમાં બધાં ખુશ હતાં. મને જીવનમાં જાણે કે બધું જ મળી ગયું હોય તેવો સંતોષ હતો.

આજે મારી દીકરી મુંબઇથી એમ.બી.એ. કરીને પાછી આવી રહી હતી. એ ખુશીમાં હું સવારથી જ તેને ભાવતી વાનગીઓ બનાવવામાં લાગી ગઇ હતી. તેની ગાડી લેઇટ થવાથી તેનો ફોન આવ્યો કે 'મમ્મી તમે ચિંતા ન કરતાં. અભિષેક મારી સાથે છે.' મેં અભિષેકને ફેસબુક પર જોયો છે. બંનેની જોડી સારી રહેશે. મારી આવી બધી વાતો અને યોજનાઓ સાંભળી એ હસવા લાગ્યા. રાત સુધીમાં અભિષેક અને સ્નેહા ઘેર આવી ગયાં. બંને ને જમાડીને હું મારા થનાર જમાઇના સપનાં જોવા લાગી. દીકરીને વાત કરી તો એ જોર જોરથી હસવા લાગી.

'અરે! મમ્મી એ તો મારો ફ્રેન્ડ છે. તેને જીવનસાથી કઇ રીતે બનાવી શકું, હજુ એને જોબ પણ નથી મળી, મારે પણ જોબ મળ્યા પછી જ એ બાબતને વિચારવું છે.' આજની જનરેશનની વાતો મારી સમજની બહાર હતી.

થોડા મહિનામાં દીકરીને એક સારી કંપનીમાં જોબ મળી ગઇ. અમને બંનેને હાથ થઇ. હવે સારા પેકેજ વાળા છોકરાની શોધ કરવાની હતી. તે પણ દીકરીને ગમી જાય તેવો હોવો જોઇએ. એ માટે અમે સમાજની પત્રિકા અને છાપાંઓમાં જાહેરાતો જોવા માંડી. પણ છેવટે નાની દીકરીએ છોકરો શોધાવાનું બીડું ઝડપી લીધું. ફેસબુક દ્વારા બાયોડેટા જોઇને છેવટે દીકરીને છોકરો પસંદ કરી લીધો. અમે સૌ ઉત્સાહપૂર્વક દીકરીએ પસંદ કરેલ છોકરાને નેટ પર જોવા આતુર થઇ ગયાં. ફોટો જોઇને મેં દિકરીને પોન કર્યો. 'મમ્મી તું કયા જમાનામાં જીવે છે. આજકાલ ચહેરાની સુંદરતા કોણ જુએ છે? રંગરૂપ તો થોડા સમય માટે હોય છે. ફક્ત પૈસો જ કામ આવે છે. પૈસાવાળો પ્રેમ જ આજકાલ ચાલે છે. તમારા જમાનાનો લાગણીવાળો પ્રેમ નહીં.' દીકરી ફોન પર ભાષણ દેતી રહી અને હું સાંભળતી રહી. તેની વાતથી મને એક વાત સમજાઇ કે મારી તપસ્યા, મારો સંઘર્ષ મારા જેવું જીવન તે જીવવા માંગતી નથી. મને આજે જે કંઇ મળ્યું છે તેમાં હું ખુશ છું. મેં મારા પતિ સાથે પ્રેમની બેસી દીકરીનું કન્યાદાન કર્યું તેમાં જીવનની સફળતા લાગતી હતી.

- vanvihari@gmail.com